| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૪/૧૨/૨૦૨૩ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૨ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૩,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૦૦૯/૨૦૨૩

**નવરંગપુરાઃ** અમિતકુમાર મુકતેશ્વર મિશ્રા (ઉ.વ.૪૦) (રહે. મહાલક્ષ્મી અપાર્ટમેન્ટ સોનીની ચાલી ઓઢવ) એ તા.૧૩/૧૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રિસ્ટાઇન ઓર્ગેનાઇઝ પ્રાઇવેટ લિમિટેડના ઓનર- કલમને ચંદ્રગોવડા રઘુ (૨) કોડીગાહેલ્લી અંજનાપ્પા સુરેશા (૩) દીપા વિશ્વનાથન અને (૪) નરસિંમ્હા મુર્તી પ્રિસ્ટાઇન ઓર્ગેનાઇઝ પ્રાઇવેટ લિમિટેડના ઓર્થોરાઇઝ પર્સન (તમામ રહે-ત્રીજો ચોથો માળ "એ" બ્લોક ૮૩૯ દમોદરા રોડ સહકારનગર બેંગલૂરૂ કર્ણાટકા) એ નવરંગપુરા ચિતરથ કોમ્પલેક્ષ ઓફિસ નંબર-૧૦૧ "કંટ્રીવાઇડ લોજીસ્ટીક ઇન્ડીયા પ્રા.લિ."ખાતેથી કંપનીને વિશ્વાસમાં લઇ કંપની પાસેથી માલ પરીવહનની સેવા મેળવી એગ્રીમેન્ટમાં નક્કી થયા મુજબ કંપનીને બીલ મુજબના લેવાના નીકળતા રૂપિયા ૮,૭૨,૭૮૧/- નહી ચુકવી કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

**<u>અપમૃત્યું:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૧૦/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટ**: સોલા ધ કેપીટલ-૨ સામે સાયન્સ સીટી રોડ એન્સ્ટીન નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા કાશીબહેન વા/ઓ વિનુભાઇ (ઉ.વ.૪૨) (મુળ વતન. ગામ-કડાણા, તા-કડાણા, જી-મહિસાગર) તા.૧૩/૧૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નામની નવી બનતી સાઇટના “બી” બ્લોકના પાસે ખુલ્લી જગ્યામાં બેઠા હતા ત્યારે ગારબેજ ડગવાળી ખુલ્લી જગ્યાએ પથ્થરનો ટુકડો કાશીબહેનના માથા ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૧૧/૨૦૨૩</u>**

**શાહીબાગ**: સાક્ષીબહેન સુમિતભાઈ મિશ્રા (ઉ.વ.૨૧) (રહે. માધવ એપાર્ટમેન્ટ અભિષેક એસ્ટેટ પાસે અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦૨૩ કલાક ૧૧/૧૭ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એફ” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી